પાંચ જિલ્લાના મની લોન્ડરિંગ કેસોની સુનાવણી સુરતમાં થશે

કેન્દ્ર સરકારે હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે પરામર્શ કર્યા બાદ નોટિફિકેશન જાહેર કર્યું

સુરત સહિત પાંચ જિલ્લાના અધિકાર ક્ષેત્ર તરીકે સુરતના પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજને સત્તા સોંપાઈ

સુરતઃ કેન્દ્ર સરકારના નાણાં મંત્રાલયના મહેસૂલ વિભાગે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA), 2002 હેઠળ ગુજરાત રાજ્ય માટે વિશેષ અદાલતોના અધિકારક્ષેત્રમાં મહત્વપૂર્ણ ફેરફાર કર્યો છે. તા.23 જુલાઈના રોજ બહાર પાડવામાં આવેલી અધિસૂચના મુજબ સુરત, નવસારી, વલસાડ, તાપી અને ભરૂચ જિલ્લાઓને લગતા PMLA કેસો માટે સુરતના પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજને સંબંધિત ન્યાયિક સત્તા સોંપવામાં આવી છે. આ પાંચેય જિલ્લાઓને લગતા નાણાકીય હેરાફેરી અને મની લોન્ડરિંગ સંબંધિત તમામ કેસોની કાનૂની કાર્યવાહી હવેથી સુરતના ન્યાયિક કેન્દ્ર ખાતે ચલાવવામાં આવશે.

અત્રે નોંધનીય છે કે સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં CBI અને ED સંબંધિત કેસોની ઝડપી સુનાવણી માટે સ્થાનિક સ્તરે વિશેષ અદાલત ફાળવવામાં આવે તેવી માંગણી કરવામાં આવી રહી હતી. આ અંગે એનફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ના અધિકારીઓ તેમજ મુખ્ય સરકારી વકીલ દ્વારા કેન્દ્ર સરકારમાં યોગ્ય રજૂઆત કરવામાં આવી હતી.

અધિસૂચના મુજબ અમદાવાદની ભદ્રા સ્થિત સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં કાર્યરત તમામ CBI વિશેષ અદાલતોમાં CBI સાથે સંબંધિત શેડ્યૂલ્ડ અથવા પ્રેડિકેટ ઓફેન્સના કેસોની સુનાવણી થશે. આ ઉપરાંત ગુજરાત હાઇકોર્ટ દ્વારા નિર્દેશિત કેસો પણ આ અદાલતોમાં ચલાવવામાં આવશે. બીજી તરફ, સુરતના પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજના અધિકારક્ષેત્ર હેઠળ સુરત ઉપરાંત નવસારી, વલસાડ, તાપી અને ભરૂચ જિલ્લાઓને આવરી લેવામાં આવ્યા છે. એટલે કે, આ પાંચ જિલ્લાઓ સાથે સંકળાયેલા PMLA સંબંધિત કેસોની કાર્યવાહી માટે સુરતનું ન્યાયિક કેન્દ્ર મહત્વપૂર્ણ બનશે. કેન્દ્ર સરકારે આ ફેરફાર PMLA, 2002ની કલમ 43(1) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને તથા ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે પરામર્શ કર્યા બાદ કર્યો છે.

VNSGUના 59મા પદવીદાન સમારોહમાં

36,761થી વધુ વિદ્યાર્થીને ડિગ્રી એનાયત કરાશે

કોમર્સ અને આર્ટ્સ ફેકલ્ટીના વિદ્યાર્થીઓની સંખ્યા સૌથી વધુ: 24 ઓગસ્ટે યોજાશે કાર્યક્રમ

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા 59મો પદવીદાન સમારોહ આગામી 24 ઓગસ્ટના રોજ યોજાશે. આ સમારોહમાં યુનિવર્સિટીની વિવિધ 12 ફેકલ્ટીના કુલ અંદાજે 36,761 વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવશે. આ વર્ષે સૌથી વધુ ડિગ્રી કોમર્સ ફેકલ્ટીના વિદ્યાર્થીઓને આપવામાં આવશે, જ્યારે બીજા ક્રમે આર્ટ્સ ફેકલ્ટીનો સમાવેશ થાય છે.

યુનિવર્સિટી દ્વારા જાહેર કરાયેલી માહિતી મુજબ, કોમર્સ ફેકલ્ટીના 10,076 વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવશે. જ્યારે આર્ટ્સ ફેકલ્ટીના 9,817 વિદ્યાર્થીઓને ડિગ્રી મળશે. કમ્પ્યુટર સાયન્સ ફેકલ્ટીના 7,657 અને સાયન્સ ફેકલ્ટીના 4,384 વિદ્યાર્થીઓ પણ પદવી મેળવનાર વિદ્યાર્થીઓમાં સામેલ છે. સમારોહમાં વિવિધ ફેકલ્ટીના વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવાની સાથે ગોલ્ડ મેડલ અને વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવે તેવી શક્યતા છે.

કઇ ફેકલ્ટીમાં કેટલી ડિગ્રી?

કોમર્સ ફેકલ્ટી	10,076
આર્ટ્સ ફેકલ્ટી	9,817
કમ્પ્યુ. સાયન્સ ફેકલ્ટી	7,657
સાયન્સ ફેકલ્ટી	4,384
મેડિસિન ફેકલ્ટી	2,017
લો ફેકલ્ટી	1,257
એજ્યુકેશન ફેકલ્ટી	1,129
રુરલ સ્ટડીઝ ફેકલ્ટી	239
મેનેજમેન્ટ ફેકલ્ટી	143
આર્કિટેક્ચર ફેકલ્ટી	34
હોમિયોપેથીક ફેકલ્ટી	6
ટેક્નોલોજી (ઇજનેરી)	2

ધો-10માં વોકેશનલ શિક્ષણને વધુ પ્રાધાન્ય, હવે 8 વિષયનો અભ્યાસ

ત્રીજી ભાષાના વિકલ્પમાંથી અલગ કરાયો વોકેશનલ વિષય, કુલ 45 પિરિયડ યથાવત

બચેલા ત્રણ પિરિયડ વોકેશનલ વિષયને ફાળવવામાં આવ્યા

નવી સમયસૂચિ મુજબ પ્રથમ ભાષાના પિરિયડમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી અને તે અગાઉની જેમ છ રહેશે. જ્યારે દ્વિતીય ભાષાના પિરિયડ સાતમાંથી ઘટાડીને છ અને તૃતીય ભાષાના પિરિયડ છમાંથી ઘટાડીને પાંચ કરવામાં આવ્યા છે. ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનના પિરિયડ યથાવત રાખવામાં આવ્યા છે. ઉપરાંત યોગ, ચિત્ર, કમ્પ્યુટર અને સંગીત જેવા સહઅભ્યાસ પ્રવૃત્તિના પિરિયડ પાંચમાંથી ઘટાડીને ચાર કરવામાં આવ્યા છે. આ રીતે બચેલા ત્રણ પિરિયડ વોકેશનલ વિષયને ફાળવવામાં આવ્યા છે.

સુરતઃ રાજ્યમાં કૌશલ્ય આધારિત શિક્ષણને વધુ પ્રોત્સાહન આપવા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ધોરણ-10ના અભ્યાસક્રમમાં મહત્વનો ફેરફાર અમલમાં મૂક્યો છે. શૈક્ષણિક વર્ષ 2026-27થી વોકેશનલ વિષયને હવે ત્રીજી ભાષાના વિકલ્પ તરીકે નહીં પરંતુ સ્વતંત્ર વિષય તરીકે ભણાવવામાં આવશે. પરિણામે જે શાળાઓમાં વોકેશનલ વિષય શરૂ છે ત્યાં વિદ્યાર્થીઓએ હવે સાતના બદલે કુલ આઠ વિષયનો અભ્યાસ કરવો પડશે.

અગાઉ વોકેશનલ વિષય પસંદ કરનારા વિદ્યાર્થીઓ માટે તે ત્રીજી ભાષાના વિકલ્પ તરીકે ગણાતો હતો. હવે બોર્ડે આ વ્યવસ્થામાં ફેરફાર કરીને વોકેશનલ વિષયને અલગ સ્થાન આપ્યું છે. આ નિર્ણયનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં વ્યવસાયલક્ષી કૌશલ્ય વિકસાવવાનો અને ભવિષ્યમાં રોજગારક્ષમતા વધારવાનો હોવાનું માનવામાં આવે છે. નવી વ્યવસ્થાને કારણે અભ્યાસનો વ્યાપ વધશે, પરંતુ વિદ્યાર્થીઓ પર વધારાનો સમયબોજ ન પડે તે માટે બોર્ડે અઠવાડિયાના કુલ 45 પિરિયડમાં કોઈ વધારો કર્યો નથી. વોકેશનલ વિષય માટે ત્રણ પિરિયડ ફાળવવામાં આવ્યા છે, જ્યારે અન્ય કેટલાક વિષયોના પિરિયડમાં જરૂરી ઘટાડો કરીને સમયનું પુનર્ગઠન કરવામાં આવ્યું છે. ગુજરાત બોર્ડે આ નવી પિરિયડ વ્યવસ્થા તાત્કાલિક અમલમાં મૂકવા માટે તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને સૂચના પાઠવી છે.

BAMSની પરીક્ષાના પેપર લીકનો આક્ષેપ, તપાસ સમિતિની રચના થઈ

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના ત્રીજા વર્ષનું પેપર લીક થયાનો આરોપ, 12માંથી 11 પ્રશ્ન વાયરલ થયા હતા

ગાંધીનગરઃ નીટ પેપર લીકના પડઘા હજુ શાંત થયા નથી, ત્યાં ગુજરાતમાં ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીમાં બીએએમએસના ત્રીજા પ્રોફેશનલ વર્ષના શલ્ય તંત્ર-1 વિષયની પરીક્ષા બાદ પેપર લીક થયાના આક્ષેપોથી શૈક્ષણિક વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે. સોશિયલ મીડિયા પર પરીક્ષા પૂર્વે પ્રશ્નો વાયરલ થયા હોવાની ચર્ચા વચ્ચે યુનિવર્સિટીએ સમગ્ર મામલાની તપાસ માટે ત્રણ સભ્યોની વિશેષ સમિતિની રચના કરી છે.

આ અંગે મળતી માહિતી પ્રમાણે આયુર્વેદના બીએએમએસના ત્રીજા પ્રોફેશનલ વર્ષના શલ્ય તંત્ર-1 વિષયની પરીક્ષામાં પેપર લીક થયાના આક્ષેપો થતાં ચક્ચારમચી જવા પામી છે. 20 જુલાઈ, 2026ના રોજ યોજાયેલી BAMSના શલ્ય તંત્ર-1 વિષયની પરીક્ષા પહેલાં વ્હોટ્સએપ પર કેટલાક પ્રશ્નો વાયરલ થયા હતા. પરીક્ષામાં પૂછાયેલા કુલ 12 પ્રશ્નોમાંથી 11 પ્રશ્નો વાયરલ થયેલા પ્રશ્નો સાથે મળતા આવતા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આ દાવાને કારણે પેપર લીકની શંકા વધુ ઘેરી બની છે. તેવામાં વિદ્યાર્થીઓ-વાલીઓએ નિષ્પક્ષ અને પારદર્શક તપાસની માંગ કરી છે.

આ પરીક્ષા રાજ્યભરના 26 પરીક્ષા કેન્દ્રો પર યોજાઈ હતી, જેમાં આશરે 2,000 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિવાદ છતાં યુનિવર્સિટી સાથે સંકળાયેલી કોલેજોમાં અન્ય વિષયોની પરીક્ષાઓ અગાઉથી જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ યથાવત ચાલુ રાખવામાં આવી છે.

વિવાદ સામે આવતા જ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીએ ત્રણ વરિષ્ઠ અધિકારીઓની તપાસ સમિતિ બનાવી છે. સમિતિ પેપર ક્યા તબક્કેથી, ક્યા પરીક્ષા કેન્દ્ર પરથી અને કેવી રીતે બહાર આવ્યું તેની ઝીણવટભરી તપાસ કરી રહી છે.

યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલરે જણાવ્યું હતું કે નવા અભ્યાસક્રમ મુજબ પ્રશ્નપત્ર તૈયાર કરવાની જવાબદારી પાંચ અલગ-અલગ નિષ્ણાત શિક્ષકોને સંપૂર્ણ ગોપનીયતા સાથે સોંપવામાં આવી હતી. તેમ છતાં પ્રશ્નો સોશિયલ મીડિયા સુધી કેવી રીતે પહોંચ્યા તે તપાસનો મુખ્ય મુદ્દો છે.

હજીરામાં વેદાંતા ગ્રુપની કેર્ન ઓઈલ એન્ડ ગેસનો ONGCએ કબજો લીધો

કોન્ટ્રાક્ટ લંબાવવાના ઇનકાર સામે હાઇકોર્ટે વેદાંતની અરજી ફગાવી દેતાં ONGCએ કંપનીના કર્મચારીને અટકાવ્યા

હાઇકોર્ટે કેન્દ્રનો વેદાંતા ONGCને સોંપવાનો નિર્ણય યથાવત રાખ્યો

22 જુલાઈ-2026ના ચુકાદામાં કોર્ટે સરકારનો નિર્ણય યોગ્ય ગણાવી અરજી ફગાવી દીધી હતી

કોર્ટે જણાવ્યું હતું કે, PSCનો સમયગાળો પૂરો થયા પછી કંપનીને આપમેળે વિસ્તરણનો અધિકાર મળતો નથી. કુદરતી સંસાધનોના સંરક્ષક તરીકે સરકાર કંપનીના વર્તન અને કરારના પાલનને પણ ધ્યાનમાં લઈ શકે છે. વેદાંતાએ સરકારના નફાના હિસ્સામાંથી આશરે રૂ.88 કરોડની રકમ એકતરફી રીતે સમાયોજિત કરી હતી, જે સરકાર માટે મહત્ત્વપૂર્ણ કારણ બન્યું હતું. ચુકાદા બાદ ONGC હવે બ્લોકની સંપત્તિ અને કામગીરી પોતાના હસ્તક લેવાની પ્રક્રિયા આગળ વધારી શકે છે. જોકે, વેદાંતાએ ડિવિઝન બેન્ચમાં અપીલ દાખલ કરી હોવાથી મામલો હજુ કાનૂની રીતે સંપૂર્ણપણે સમાપ્ત થયો નથી.

સુરતઃ અનિલ અગ્રવાલની માલિકીની વેદાંતા ગ્રુપની હજીરા-સુંવાલીમાં આવેલી કંપની કેર્ન ઓઇલ એન્ડ ગેસ કંપનીના 55 કર્મચારીનો ONGCએ સોમવારે પ્રવેશ અટકાવ્યો હતો.

દિલ્હી હાઇકોર્ટે વેસ્ટર્ન ઓફશોર ઓઇલ બ્લોક કોન્ટ્રાક્ટ લંબાવવાના ઇનકાર સામે વેદાંતની અરજી ફગાવી દેતાં ONGC હજીરાએ આજે આ કંપનીનો વિધિવત કબજો કરી લીધો હતો. હવે વેદાંતા ગ્રુપની કેર્ન ઓઇલ એન્ડ ગેસ કંપનીના 55 કર્મચારીનું શું થશે એ મોટો પ્રશ્ન ઊભો થયો છે.

દિલ્હી હાઇકોર્ટના ચુકાદા બાદ સુરત જિલ્લાના સુંવાલી-હજીરા દરિયા કાંઠા નજીક આવેલા CB-OS/2 (કેમ્બે ઓફશોર-2) તેલ અને ગેસ બ્લોકનું સંચાલન વેદાંતા ગ્રુપની કેર્ન ઓઇલ એન્ડ ગેસ (પૂર્વે કેર્ન ઇન્ડિયા) પાસેથી લઈને સરકારી કંપની ONGCને સોંપવાનો કેન્દ્ર સરકારનો નિર્ણય યથાવત રાખવામાં આવ્યો છે.

કોર્ટે વેદાંતાની અરજી ફગાવી દીધી હોવાથી હવે ONGC માટે બ્લોકનો કબજો અને કામગીરી સંભાળવાનો માર્ગ ખુલ્લો બન્યો છે.

સુરત જિલ્લામાં બંધ 233માંથી 231 માર્ગ પુનઃ શરૂ કરાયા

ગ્રામ્ય રસ્તાના પેચવર્કને વેગ, 74 રસ્તા પરનાં નાળાંની સફાઈ કરાઈ

સુરતઃ ચોમાસા દરમિયાન ભારે વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત બનેલા ગ્રામ્ય રસ્તાઓની મરામત માટે માર્ગ અને મકાન પંચાયત વિભાગ, સુરત દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે.

માહિતી અનુસાર, અત્યાર સુધીમાં કુલ 233 રસ્તાઓ ઓવરટોપ થયા હતા. જેમાંથી હાલની સ્થિતિએ 231 રસ્તાઓને પુનઃ કાર્યરત કરવામાં આવ્યા છે. ઉપરાંત 74 રસ્તાઓ પર નાળાની સફાઈ, પેચવર્ક, સાઈડ શોલ્ડરની મરામત, ગટરની સફાઈ તેમજ નુકસાન પામેલા ફ્લડ ગેજને પુનઃસ્થાપિત કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. બાકીના ક્ષતિગ્રસ્ત રસ્તાઓ પર પણ કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે. આ મરામત કામગીરી માટે વિભાગ દ્વારા 707 મેટ્રિક ટન મેટલ, 128 મેટ્રિક ટન રબલ, 91 મેટ્રિક ટન વેટમિક્સ, 8.7 મેટ્રિક ટન કોલ્ડમિક્સ સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

અનુસંધાન ... પાના છેલ્લાનું

ખાડીનું 'પાણી...

ડૂબેલા હતા, ત્યાં આજે ચારેકોર ફેલાયેલી ગંદકી, દુર્ગંધ મારતો કાદવ અને છાતી સરખા ધ્રુજાવી દે તેવા બિસ્માર રસ્તાઓથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. એક તરફ ઘરેઘરમાં ચિંતા છે કે ક્યાંક આ ગંદકી તેમના વહાલાસોયા સંતાનોને ડેન્ગ્યુ, મેલેરિયા કે વાયરલ ફીવર જેવા ખાટલે ન પાડી દે, તો બીજી તરફ દરરોજ રોજીરોટી કમાવા નીકળતા ગરીબ અને મધ્યમવર્ગીય વાહનચાલકો માટે તૂટેલા રસ્તાઓ પર જીવનું જોખમ તોળાઈ રહ્યું છે.

આ ભારે આફતનો સૌથી વધુ ભોગ બનેલા વિસ્તારો – પરવટ ગામ, પરવટ પાટિયા, મગોબ, મીઠી ખાડી, ગોડાદરા, સણિયા-હેમાદ, કુંભારિયા, ભેદવાડ, પાંડેસરા, ભરવાડ વસાહત, સંદીપનગર, શિવમનગર, ધર્મનગર અને શ્રીરામનગર – માં ચાર-ચાર દિવસ સુધી પાણી ભરાઈ રહેવાને કારણે રસ્તાઓનો ડામર સંપૂર્ણપણે ધોવાઈ ગયો છે. પુણા-કુંભારિયા રોડ પરથી પસાર થવું એટલે જાણે કાળના મુખમાં જવું! શહેરના આ મહત્વના માર્ગ પર પડેલાં ઊંડા-ઊંડા ખાડાઓ અને કાદવના કારણે વાહનચાલકોની કમર ભાંગી રહી છે. પોતાના વાહનો તૂટવાની ચિંતા કરતા પણ લોકોને એ વાતનો વધુ ડર છે કે ક્યાંક કાલની સવાર તેમના માટે કોઈ કરૂણ અકસ્માત લઈને ન આવે. પીડા અને આક્રોશથી ભરેલા સ્થાનિકો હવે આ રસ્તાને આંસુ ભરેલા હાસ્ય સાથે 'રિસ્કો રોડ' કહીને પોતાની લાચારી વ્યક્ત કરી રહ્યા છે. પાણી ઉતર્યા બાદ ઊભી થયેલી માખી-મચ્છરોની ફોજ અને ગંદકીના સામ્રાજ્ય વચ્ચે લોકો સતત ભયના ઓછાયા હેઠળ જીવવા મજબૂર બન્યા છે. નાના બાળકોથી લઈને વૃદ્ધો સુધીના સૌ કોઈના આરોગ્ય સામે મોટો ખતરો ઉભો થયો છે. તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે સફાઈ થાય અને જંતુનાશક દવાઓનો છંટકાવ થાય તે માટે લોકો કરગરી રહ્યા છે. મ્યુનિ.કમિ. એમ. નાગરાજન દ્વારા યુદ્ધના ધોરણે રસ્તાઓનું સમારકામ કરવા અને પેચવર્ક પૂરું કરવા કડક આદેશો તો આપી દેવાયા છે, પરંતુ હજુ પણ જમીની હકીકત બદલાઈ નથી. અનેક વિસ્તારોમાં કામગીરી કાચબા છાપે ચાલી રહી છે, તો કેટલીક જગ્યાએ માત્ર 'દેખાડા પૂરતું' જ કામ થતું હોવાનો પીડિત સ્થાનિકોનો આક્રોશ છે.

મીઠી ખાડીના...

સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા એક મજબૂત લડતનું આયોજન કરવાનો હોવાનું જણાવાયું છે. પોસ્ટરમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવાયું છે કે આ લડત માત્ર એક સોસાયટી કે વિસ્તારની નથી, પરંતુ સમગ્ર વિસ્તારના હજારો પરિવારોના ભવિષ્ય, સુરક્ષા અને હક્કની લડત છે. સાથે જ સ્થાનિકોના પ્રશ્નો સાંભળવા, આગામી કાર્યક્રમો ઘડવા અને સરકાર સમક્ષ સુવ્યવસ્થિત રીતે રજૂઆત કરવા માટે સંયુક્ત મંચ તૈયાર કરવાની વાત પણ કરવામાં આવી છે. તાજેતરમાં બે વખત આવેલા ખાડીપૂર બાદ લોકોના ઘર, દુકાનો અને ઘંધાને થયેલા ભારે નુકસાન અને વારંવારની આફતથી કંટાળેલા નાગરિકોમાં હવે આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો હોવાનું આ પોસ્ટર પરથી સ્પષ્ટ થાય છે. હવે લોકો રાહત પેકેજ કે તાત્કાલિક વ્યવસ્થાથી સંતોષ માનવાના બદલે ખાડીપૂરની સમસ્યાનો કાયમી અને વૈજ્ઞાનિક ઉકેલ લાવવાની માંગ સાથે એકજૂટ થઈ રહ્યા છે. સ્થાનિકોમાં એવી ચર્ચા છે કે જો આંદોલનને વ્યાપક સમર્થન મળશે તો આગામી દિવસોમાં આ લડત વધુ ઉગ્ર બનવાની શક્યતા છે.

પાંચ દિવસમાં...

નિવારણ સમિતિએ પ્રથમ બેઠકમાં જ ઝડપી નિર્ણયો લઈને કાયમી ઉકેલ તરફ આગળ વધવાની દિશામાં મહત્વપૂર્ણ શરૂઆત કરી છે. હવે આ નિર્ણયોનો અમલ કેટલી ઝડપથી થાય છે અને તેના આધારે ખાડી કાંઠાના હજારો પરિવારોને ભવિષ્યમાં પૂરથી કાયમી રાહત મળે છે કે નહીં તેના પર સૌની નજર મંડાઈ છે.સમીક્ષા બેઠકમાં સૌથી મહત્વપૂર્ણ નિર્ણય તરીકે અગાઉ ખાડીપૂર માટે રચાયેલી તમામ સ્થાનિક સમિતિઓ અને વિશિષ્ટ ટાસ્ક ફોર્સને વિસર્જિત કરીને તેમની કામગીરી રાજ્ય સરકાર દ્વારા રચાયેલી રાજ્ય કક્ષાની સમિતિ અને સિટી લેવલની તપાસ સમિતિ હેઠળ મર્જ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. હવે ખાડીપૂર નિવારણની સમગ્ર પ્રક્રિયા એક જ સંકલિત માળખા હેઠળ આગળ વધશે, જેના કારણે નિર્ણય પ્રક્રિયામાં ઝડપ આવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. બેઠકમાં શહેરની તમામ ખાડીઓની વહન ક્ષમતા, કેચમેન્ટ વિસ્તાર અને અવરોધોનો વૈજ્ઞાનિક અભ્યાસ કરવા માટે LiDAR સર્વે, ડ્રોન સર્વે અને અન્ય આધુનિક ટેકનિકલ સર્વે હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. વરસાદનું જોર ઘટવાની સાથે જ આગામી બે દિવસમાં સમગ્ર ખાડી વિસ્તારનું ડ્રોન સર્વેક્ષણ શરૂ કરવામાં આવશે.આ સાથે ખાડીપૂર નિવારણ માટે હાઇડ્રોલોજી મોડેલ તૈયાર કરીને સમગ્ર પ્રોજેક્ટનો ડિટેઇલ પ્રોજેક્ટ રિપોર્ટ (DPR) તૈયાર કરવાની જવાબદારી કન્સલ્ટન્ટ મલ્ટી મીડિયા લિમિટેડને સોંપવામાં આવી છે. પ્રોજેક્ટમાં કોઈ વિલંબ ન થાય તે માટે મ્યુનિસિપલ કમિશનરે NHAI, DFCC, એક્સપ્રેસ-વે, રાજ્યના સિંચાઈ વિભાગ, GETCO સહિતની તમામ સંબંધિત એજન્સીઓને તેમના કેચમેન્ટ વિસ્તારમાં આવેલી યુટિલિટી અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સંપૂર્ણ માહિતી આગામી બે દિવસમાં કન્સલ્ટન્ટને સોંપવાનો આદેશ આપ્યો હતો. જમીન અને ભૌગોલિક વિગતો મેળવવા માટે કલેક્ટર કચેરીના DILR વિભાગને ખાસ સર્વે ટીમ બનાવી તમામ નકશા અને જમીનની વિગતો કન્સલ્ટન્ટને આપવાની સૂચના આપવામાં આવી હતી. ઉપરાંત રેવન્યુ વિભાગ, સુડા, જિલ્લા પંચાયત હસ્તકની સરકારી જમીનો અને તળાવોની વિગતો પણ તાત્કાલિક ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

રિક્ષાચાલકો...

દંડ ફટકારવામાં આવતો હતો, જેને હાઇકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. આ કેસની સુનાવણી બાદ માનનીય હાઇકોર્ટે આ વધારાની દંડની વસૂલાતને ગેરકાયદે ઠેરવી છે.

વડોદરા શહેર જિલ્લા રિક્ષાચાલક યુનિયન દ્વારા એડવોકેટ રામકિષ્ણ દવે મારફતે હાઇકોર્ટમાં સ્પે. સિવિલ એપ્લિકેશન (SCA/7325/2026) દાખલ કરવામાં આવી હતી. તા. 27-7-2026ના રોજ માનનીય હાઇકોર્ટ ઓફ ગુજરાતની ચીફ જસ્ટીસની બેંચે ચુકાદો આપતા નોંધ્યું કે, વધારાની ફી તરીકે રોજના 50 રૂપિયા લેવા તે મુખ્ય રીતે ગેરકાયદે છે. અગાઉ તમિલનાડુ અને કર્ણાટક હાઇકોર્ટ દ્વારા પણ આ પ્રકારના દંડને ગેરકાયદે જાહેર કરવામાં આવ્યો હતો, જેને આધારે ગુજરાત રાજ્યમાં પણ આ દંડ ન લેવા જવાબદાર વિભાગને હુકુમ કરવામાં આવ્યો છે. આ અગાઉ તા. 22-7-2026ના રોજ પણ એક અરજીમાં આ દંડ રદ કરવામાં આવ્યો હતો, જેના આધારે આજ રોજ અંતિમ ચુકાદો આપવામાં આવ્યો છે.

સુરત, વડોદરા, અમદાવાદ, બનાસકાંઠા અને અન્ય ઓટો યુનિયનની સંયુક્ત મહેનતથી છેલ્લા 10 વર્ષ જૂની ઓટો રિક્ષાઓ પર રોજના 50 રૂપિયાના હિસાબે હજારો અને લાખો રૂપિયાની લાગતી પેનલ્ટી હવે નાબૂદ કરવામાં આવી છે. આથી તમામ રિક્ષાચાલકોને અપીલ કરવામાં આવે છે કે જેટલું બને તેટલી વહેલી તકે પોતાની જૂની ઓટો રિક્ષા વગર પેનલ્ટીએ પાસિંગ અને ફિટનેસ કરાવી લેવી. જો કોઈ પણ વ્યક્તિ 1 રૂપિયો પણ પેનલ્ટી માંગે, તો તે કોઈએ આપવી નહીં એવી સૂચના રિક્ષા એસોસિએશને તરફથી જાહેર કરવામાં આવી છે.

ખુદ સંચાલકોએ...

જોખમ હોય... તેમ કહીને ફૂટેજ જોતાં અટકાવી દીધા હતા.બીજા દિવસે જ્યારે પરિવાર ફરી ગયો ત્યારે હર્ષે 'સોફ્ટવેર પ્રોબ્લેમ' બતાવી હાર્ડ ડિસ્કનો તમામ ડેટા ડિલીટ કરી દીધો હોવાનું બહાનું કાઢ્યું હતું. એટલું જ નહીં, હાર્ડ ડિસ્ક રીકવર કરવા બાબતે પણ ખોટા બિલ બનાવવાનો અને લોકોને ગુમરાહ કરવાનો પ્રયાસ કર્યો હતો.પોલીસ મથકે અરજી આપ્યા બાદ થયેલી પ્રાથમિક તપાસમાં સેફ હાઉસના સંચાલકો હર્ષ મહેશ દિયોરા, તેના પિતા મહેશ ડાહ્યાભાઈ દિયોરા અને ભાઈ હરિકૃષ્ણ દિયોરાએ પૂર્વ આયોજિત કાવતરું રચી લોકર બ્રેક કરનાર મણીલાલ નામના ઈસમની મદદથી માત્ર રમેશભાઈ જ નહીં, પરંતુ અન્ય વેપારીઓ અને ગ્રાહકોના લોકર પણ તોડીને સોનું ચોરી લીધું હતું. રમેશભાઈ વાઘાણીની ફરિયાદના આધારે સિંગણપોર-ડભોલી પોલીસે હર્ષ મહેશભાઈ દિયોરા, હરિકૃષ્ણ મહેશભાઈ દિયોરા, મહેશભાઈ ડાહ્યાભાઈ દિયોરા (તમામ રહે. સેન્ટમ હોમ્સ, પાલ આરટીઓ, પાલ, હાલ રહે. આનંદ વાટીકા, અડાજણ, મુળ ભાવનગર) તથા લોકર તોડનાર મણીલાલ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. તમામ આરોપીઓને ઝડપી પાડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. વધુ ભોગબનારની સંખ્યામાં વધારો થવાની શક્યતા સેવાઈ રહી છે. સેફ હાઉસ જેવી સુરક્ષિત ગણાતી વ્યવસ્થામાંથી જ કરોડો રૂપિયાનું સોનું ગાયબ થવાના આક્ષેપો સામે આવતા વેપારી વર્ગ અને લોકરધારકોમાં ભારે ચિંતા અને ચર્ચા વ્યાપી છે. હવે પોલીસ તપાસમાં સમગ્ર કાવતરાનો ભેદ ક્યારે ઉકેલાય છે અને ગુમ થયેલું સોનું પરત મળે છે કે નહીં, તેના પર સૌની નજર મંડાઈ છે.

વરસાદના વિરામને...

હવામાં 98 ટકા ભેજ નોંધાતા લોકો ઉકળાટથી પરેશાન બન્યા હતા. સાથે જ દક્ષિણ-પશ્ચિમ દિશાનો પવન 6 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતો રહ્યો હતો. બપોર બાદ પડેલા હળવા ઝાપટાંથી વાતાવરણમાં થોડી ઠંડક પ્રસરી હતી.

ઓએનજીસી...

વિભાગે લોકોને અપીલ કરી છે કે જો દીપડો ક્યાંય જોવા મળે તો તેને નજીક જવાનો કે હેરાન કરવાનો પ્રયાસ ન કરે અને તાત્કાલિક વન વિભાગને જાણ કરે. હાલમાં સમગ્ર વિસ્તાર પર સતત નજર રાખવામાં આવી રહી છે અને દીપડાને સુરક્ષિત રીતે પકડવા માટે જરૂરી તમામ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

સાયબર ફ્રોડમાં...

મોકલવામાં આવશે. ત્યારબાદ પોલીસ ફરિયાદીનો સંપર્ક કરીને જરૂરી વિગતો મેળવી નિયમ મુજબ FIR નોંધશે અને તપાસની કાર્યવાહી શરૂ કરશે. રાજ્યની આ નવી વ્યવસ્થાની અસરકારકતાનું પ્રથમ ઉદાહરણ પણ સામે આવ્યું છે. અમદાવાદના એક રહેવાસી 'ડિજિટલ અરેસ્ટ'ના નામે સાયબર ઠગાઈનો ભોગ બન્યા હતા. તેમની રાજ્યની પ્રથમ e-Zero FIR નોંધાયા બાદ સાયબર ક્રાઇમ વિભાગે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી અને રૂ. 15.76 લાખથી વધુની રકમ બચાવવામાં સફળતા મેળવી હતી.

આજથી ફરી...

તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. પશ્ચિમ રાજસ્થાન પરનું લો-પ્રેશર નબળું પડ્યું હોવા છતાં તેની સાથે જોડાયેલું સાયક્લોનિક સર્ક્યુલેશન હજુ સક્રિય છે, જ્યારે અરબી સમુદ્ર તરફનું સાયક્લોનિક સર્ક્યુલેશન અને મોનસૂન ટ્રફ ગુજરાત તરફ ભેજયુક્ત પવનો ખેંચી રહ્યા હોવાથી આગામી દિવસોમાં રાજ્યમાં વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા છે. આવતીકાલે તા.28મી જુલાઈથી શરૂ કરીને તા.3જી ઓગષ્ટ સુધી રાજ્યના ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગે તા.28 જુલાઈથી 3 ઓગસ્ટ દરમિયાન વિવિધ જિલ્લાઓમાં યલો અને ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. જેમાં 28 જુલાઈએ ઉત્તર ગુજરાતના બનાસકાં